RNI Title Code : GUJGUJ18197

# ભારત હેડલાઇન

તટસ્થ, પારદર્શક અને નિડર અખબાર

Bharat Headline-Gujarati Morning Daily
(Monday to Saturday) Rajkot

માલિક, મુદ્રક પ્રકાશક અને તંત્રી : અમિત બીપીનભાઈ ઠક્કર | Date : 27 June 2024, Thursday | Page : 10 | Year : 1 | Issue : 215 | Price: 2/-



લોકોના કામ-ભલામણો લેખિતમાં જ આપોઃ ભાજપે કોર્પો.ના કાંડા બાંધ્યા!

વાંચો પેજ નં. 3



# CM અરવિંદ કેજરીવાલ 3 દી' CBIના રિમાન્ડ પર

## દરરોજ 30-30 મિનિટ પત્ની અને વકીલને મળી શકશે


ભારત હેડલાઇન, તા.૨૬

ટ્રાયલ કોર્ટે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલને ત્રણ દિવસ માટે CBI કસ્ટડીમાં મોકલી દીધા છે. બુધવારે સવારે સીબીઆઈએ લીકર પોલિસી કેસમાં ભ્રષ્ટાચારના આરોપમાં કેજરીવાલની ધરપકડ કરી હતી. આ પછી સીબીઆઈએ તેમને ટ્રાયલ કોર્ટમાં રજૂ કરી ૫ દિવસની કસ્ટડી માગી હતી. લગભગ ૪ કલાક સુધી દલીલો સાંભળ્યા બાદ કોર્ટે નિર્ણય સુરક્ષિત રાખ્યો હતો. સાંજે ૭ વાગ્યે કોર્ટે ચુકાદો આપ્યો.

સુનાવણી દરમિયાન કેજરીવાલે કહ્યું કે મીડિયામાં એવા સમાચાર પ્રસારિત થઈ રહ્યા છે કે મેં સિસોદિયા પર લીકર પોલિસીને લઈને આરોપો લગાવ્યા છે. આ ખોટું છે. મેં કહ્યું હતું કે કોઈ દોષિત નથી. સિસોદિયા પણ દોષિત નથી. તેના પર સીબીઆઈના વકીલે કહ્યું કે મીડિયામાં જે પણ ચાલી રહ્યું છે તે સાચું છે. બધું તથ્યો પર આધારિત છે. આ પહેલા સુનાવણી દરમિયાન જ કોર્ટ રૂમમાં જ કેજરીવાલની તબિયત બગડી હતી. સુગર લેવલ ઘટી જવાને કારણે તેમને થોડા સમય માટે અલગ રૂમમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. જો કે, બાદમાં તેઓ કોર્ટરૂમમાં પરત ફર્યા હતા. સીબીઆઈ ૨૫ જૂને રાત્રે ૯ વાગ્યે તિહાર ગઈ હતી અને લિકર પોલિસીમાં ભ્રષ્ટાચાર અંગે કેજરીવાલની પૂછપરછ કરી હતી. અગાઉ, ઈડીએ ૨૧ માર્ચે મની લોન્ડરિંગના આરોપમાં તેમની ધરપકડ કરી હતી.

## સંસદમાં મિનિટોમાં જ પલટાઈ ગઈ ગેમ

# બિરલાએ સ્પીકર બનતાની સાથે જ ઈમર્જન્સીની નિંદા કરી



ભારત હેડલાઇન, તા.૨૬

સ્પીકર તરીકે ચૂંટાયા બાદ ઓમ બિરલાએ ગૃહમાં ઈમર્જન્સીની નિંદા કરી હતી. તેમણે કહ્યું- ઈન્દિરા ગાંધીએ ઈમર્જન્સી લાદીને આંબેડકર દ્વારા બનાવેલા બંધારણનું અપમાન કર્યું હતું. સ્પીકરે પ્રસ્તાવ મૂકતાની સાથે જ વિપક્ષ અને પાર્ટીના સાંસદોએ સૂત્રોચ્ચાર શરૂ કરી દીધા હતા.

સ્પીકર ઓમ બિરલાએ ઈમર્જન્સી દરમિયાન જીવ ગુમાવનારાઓની યાદમાં બે મિનિટનું મૌન પાળવાનું કહ્યું હતું. શાસક પક્ષના સાંસદોએ મૌન પાળ્યું હતું, પરંતુ કોંગ્રેસ અને વિપક્ષના સાંસદોએ હંગામો મચાવ્યો હતો. કોંગ્રેસના સાંસદોએ આક્ષેપ કર્યો હતો કે સ્પીકર ભાજપનો એજન્ડા ચલાવી રહ્યા છે. મૌન પછી સ્પીકરે સંસદને ગુરુવાર સુધી સ્થગિત કરી દીધી હતી. એનડીએના ઉમેદવાર ઓમ બિરલા બુધવારે ધ્વનિ મત દ્વારા લોકસભાના સ્પીકર તરીકે ચૂંટાયા હતા. પીએમ નરેન્દ્ર મોદી અને ગૃહમાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી તેમને ખુરશી સુધી મૂકવા ગયા હતા.

# NEET પેપર લીક મામલે ચિન્ટુ-મુકેશ CBI રિમાન્ડ પર

## શાળાના આચાર્યને હજારીબાગથી પટના લવાયા; અહીંથી જ પ્રશ્નપત્ર ગુમ થયું હતું

ભારત હેડલાઇન, તા.૨૬

NEET પેપર લીક કેસમાં CBI બે આરોપીઓની પૂછપરછ કરશે. જેમાં ચિન્ટુ કુમાર અને મુકેશ કુમારનો સમાવેશ થાય છે. સીબીઆઈ કોર્ટના સ્પેશિયલ જજ હર્ષવર્ધન સિંહે બુધવારે સવારે બંનેને ૩ દિવસના રિમાન્ડ પર મોકલી દીધા છે. ઈકોનોમિક ઓફેન્સ ઈન્વેસ્ટિગેશન યુનિટ (EOU)ની ટીમે ૨૨ જૂને નાલંદા જિલ્લાના બિહાર પોલીસ સ્ટેશન વિસ્તારના મુરૌરા ગામમાંથી બંનેની ધરપકડ કરી હતી. બીજી તરફ કોલકાતા પોલીસે ૨૫ જૂનની મોડી રાત્રે એક વ્યક્તિની ધરપકડ કરી હતી. આરોપ છે કે તેણે વિદ્યાર્થીઓના વાલીઓ પાસેથી મેરિટ લિસ્ટમાં નામ ઉમેરવા અને કોલેજમાં મેડિકલ સીટ આપવા માટે ૫ થી ૧૨ લાખ રૂપિયાની રકમ વસૂલ કરી છે. ૫ રાજ્યોમાં આ કેસમાં અત્યાર સુધીમાં ૨૭ની ધરપકડ કરવામાં આવી છે. બીજી તરફ સીબીઆઈની એક ટીમ આજે હજારીબાગ કલ્લુ ચોક મંડાઈ રોડ સ્થિત ઓએસિસ



સ્કૂલમાં પહોંચી હતી. અહીં ટીમે સ્કૂલના પ્રિન્સિપાલની પૂછપરછ કરી હતી. આ પછી ટીમ હજારીબાગ સ્થિત સ્ટેટ બેંકમાં પણ પહોંચી હતી, જ્યાં પ્રશ્નપત્ર મોકલવા અંગે તપાસ કરવામાં આવી હતી. આ પછી સીબીઆઈની ટીમ ઓએસિસ સ્કૂલના પ્રિન્સિપાલ સાથે પટના આવી છે.

EOUના તપાસ રિપોર્ટમાં ખુલાસો થયો છે કે, પરીક્ષા માફિયાઓના છૂપા ઠેકાણામાંથી બુકલેટ નંબર ૬૧૩૬૪૮૮ અને અડધા બળેલા પ્રશ્નપત્ર મળી આવ્યા હતા. ટ્રંક અને પરબિડીયું જેમાં આ પુસ્તિકા નંબરનું પ્રશ્નપત્ર હતું તેની સાથે છેડછાડ કરવામાં આવી છે.

## વડ વાજડી ગામની આસપાસના વિસ્તારોમાં કાળા માથાનો માનવી બન્યો કંપની સામે લાચાર



# બાલાજી વેફર્સ કંપની દ્વારા માનવ સર્જિત આફતો ઉભી કરાતા લોકોમાં ભભુક્યો રોષ

## વેફરના પડીકામાં દેડકા અને ઓછા વજનની અનેક ફરિયાદો છતાં તંત્રનું ભેદી મૌન

## નદીના વહેણને દબાવી બિનકાયદે દબાણ ખડકી દેવાયું હોવા છતાં તંત્રના આંખ આડા કાન

## મલ્ટીનેશનલ કહી શકાય એવી આ કંપનીના કૌભાંડોને ક્યા અધિકારીઓ છાવરી રહ્યા છે

ભારત હેડલાઈન, તા.૨૬

વડ વાજડી ગામના નદીના પટમાં બાલાજી વેફર્સ કંપનીએ પોતાના નીજી સ્વાર્થ માટે કુદરતી નદીના વહેણને દબાવી માનવસર્જિત આફત ઉભી કરાતા લોકોમાં અને પર્યાવરણ પ્રેમીઓમાં રોષ જોવા મળી રહ્યો છે. બાલાજી વેફરની કંપનીએ નદીના પટમાં સિમેન્ટ કોન્ક્રીટથી બાંધકામ કરાતા ચોમાસાની સિઝનમાં આ નદીમાં પાણીના પ્રવાહને બાલાજી વેફર્સ કંપનીના બાંધકામથી મોટા પ્રમાણમાં અવરોધ થાય છે. જેનાથી નદીની ખડકોનો તથા નીચાણવાળા વિસ્તારમાં વસવાટ કરતા જાન-માલને નુકશાન થઈ રહ્યું છે.

આ બાલાજી વેફર્સ કંપનીની વેફરના પડીકામાં દેડકો નિકળવો, વજન પ્રમાણે ઓછી વસ્તું નીકળવાની અનેક ફરિયાદો ઉઠી હોવા છતાં તંત્ર કેમ ચુપ છે. તેવા સવાલો લોકોમાં ગુંજી રહ્યા છે. તેમજ મલ્ટીનેશનલ લેવલની કહી શકાય તેવી આ કંપની દ્વારા લોકો અને ગ્રાહકો સાથે કરાતી છેતરપિંડીના કૌભાંડોને કયા અધિકારીઓ છાવરી રહ્યા છે? કુદરતી નદી પર દબાણ જેવા અનેક કૌભાંડો બહાર આવે તેવી શક્યતા સેવાઈ રહી છે.

શું આ બાલાજી વેફર કંપની સાથે તંત્રની ભાગીદારી છે કે સાંઠગાંઠ !? તેવા પ્રશ્નો લોકોમાં પૂછાઈ રહ્યાં છે.

## અગ્નિકાંડ તપાસનો રેલો પદાધિકારીઓ સુધી પહોંચે તેમ છે ત્યારે શહેર ભાજપે કોર્પોરેટરો માટે એક નવી ગાઇડલાઇન જાહેર કરી !?

# લોકોના કામ - ભલામણો લેખિતમાં જ આપો: ભાજપે કોર્પોરેટરોના કાંડા બાંધ્યા!

### ટીઆરપી ગેમઝોનના બાંધકામને તોડતુ રોકવા કોણે ભલામણ કરી હતી તેની તપાસ વચ્ચે શહેર પ્રમુખે ચૂંટાયેલા લોકોને પત્ર વ્યવહારની સલાહ આપી !?

ભારત હેડલાઇન, તા.૨૬

શહેરના નાના મવા રોડ પર આવેલ ટીઆરપી ગેમઝોનમાં એક મહિના પહેલા લાગેલી આગની ઘટનાના પડઘા શાસકો સુધી પડયા છે ત્યારે આ પ્રકારના અનેક બાંધકામ, ધંધાદારી પ્રવૃત્તિ, સાચી અને ખોટી ભલામણો બદલ રાજકીય લોકો પર તડાપીટ બોલી રહી છે. તપાસનો રેલો ચૂંટાયેલા લોકો સુધી પણ પહોંચે તેમ છે ત્યારે શહેર ભાજપે કોર્પોરેટરો માટે એક નવી ગાઇડલાઇન જાહેર કરી છે. લોકોના કામ માટે જે તે ઝોનના સીટી ઈજનેર, ડે.કમિશ્નર અથવા કમિશ્નરને પત્ર લખીને જ કામ કરાવવાની સૂચના ભાજપ પ્રમુખ મુકેશ દોશીએ જાહેર કરીને તમામ ૬૮ નગરસેવકોને પત્ર લખી નાંખ્યા છે. ભાજપ પ્રમુખે હાજર કોર્પોરેટરોને રૂબરૂ અને અન્ય કોર્પોરેટરોને મેસેજથી આ લેટર પહોંચાડયા છે જેમાં પત્ર વ્યવહારનો રેકોર્ડ ઉભો કરવા પણ જણાવ્યું છે. આ વ્યવસ્થા સફળ થાય તો કોઈ પણ કામમાં કોર્પોરેટરની ભલામણ છે કે નહીં, કામ યોગ્ય છે કે નહીં, જો કામ જરૂરી હોવા છતાં ઢીલમાં પડે તો તેનો પણ રેકોર્ડ રહે તેવી વ્યવસ્થા કાયમી ધોરણે લાગુ કરવા પક્ષની તૈયારી છે.

પ્રમુખે કોર્પોરેટરોને લખેલા પત્રમાં જણાવ્યું છે કે પ્રજાના કામો માટે તમારા લગત ઝોનમાં આવતા સીટી એન્જીનીયર અથવા નાયબ મ્યુનિ. કમિશ્નર અથવા કમિશ્નરને પત્ર લખીને કામ કરાવવાનો આગ્રહ રાખવો જેથી ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ દ્વારા કરવામાં આવેલ પત્ર વ્યવહારની નોંધ મહાપાલિકામાં રહેશે. આ પત્રની એક નકલ કોર્પોરેટરે પોતે પણ રાખવી જેનાથી ભવિષ્યમાં રેકોર્ડ ડેટાબેઝ તરીકે આ પત્ર કામ આવશે.

પ્રજાના નાના મોટા કામો, અન્ય નાની મોટી ભલામણોમાં અવારનવાર કોનું હિત છે તે સવાલ ઉઠતો રહે છે. ગેમઝોન અગ્નિકાંડની તપાસમાં સરકાર પણ કોની ભલામણ હતી તેની તપાસ કરાવી રહી છે. આથી હવે રોજિંદા કામો માટે પણ લેખિતમાં પત્ર વ્યવહાર કરવામાં આવે તો બધા માટે સારૂ રહેશે તેવું ઘણા લોકો કહી રહ્યા છે. એક તો પત્ર પર વિગત લેવાની હોય, કોર્પોરેટરો ન થઇ શકે તેવા કામની ભલામણ કરતા વિચાર કરશે. જો જરૂરી હોય તો પોતાની જવાબદારીએ


### લોકોના રોજબરોજના કામોની ઉઘરાણી માટે પત્ર વ્યવહારની ફાઈલો બનાવવા સૂચના

### નગરસેવકો 'આડીઅવળી' ભલામણ કરતા અચકાશે: બંને પાંખ વચ્ચેના વહીવટને પારદર્શક રાખવાનો હેતુ

કામ કરવા આગ્રહ કરશે. વધુમાં જો અનિવાર્ય અને તાત્કાલીક કરવા જેવું કામ જો અધિકારી વિલંબમાં રાખે તો તારીખ સાથેનો રજુઆત અને ફરિયાદનો રેકોર્ડ રહેશે.

આથી અધિકારીઓની જવાબદારી પણ ફિકસ થશે. આ વ્યવસ્થાના કેટલા ફાયદા અને કેટલા નુકસાન તે તો સમય જ બતાવશે. કારણ કે ઘણા કોર્પોરેટર તો પ્રજાની ફરિયાદ પણ લેખિતમાં પહોંચાડે જ છે. છતાં તત્કાલ નિકાલ આવતા નથી. વળી અમુક સામન્ય કામો માટે પણ અધિકારીઓ પત્રનો આગ્રહ રાખશે તો ત્યારે વિવાદ થવાની પણ શકયતા રહેશે. ખાસ કરીને ટીપી શાખાની કામગીરી વચ્ચે કરવામાં આવતી ભલામણો હવે કઇ રીતે થશે તે પ્રશ્ન છે.

ગેરકાયદે બાંધકામની ફરિયાદ લેખિતમાં મળ્યા બાદ અધિકારી ફિકસ થશે. તો અમુક વખત નજરે દેખાતા ગેરકાયદે બાંધકામ અંગે પણ અધિકારી લેખિત ફરિયાદ બાદ જ કાર્યવાહી કરશું તેવું કહી દેશે તો શું થશે તે સવાલ છે. આવી તમામ બાબતો આરોગ્ય, ફુડ, સફાઈ, ખાડાવાળી બાંધકામ શાખામાં પણ લાગુ પડશે.



## 'ફરિયાદ લખીને આપો'

### અધિકારીઓ હવે કોઇ જોખમ માથે લેવા માંગતા નથી

### દબાણ નહીં ચાલે પરંતુ તંત્ર વાહકો પણ પ્રમાણિકતાથી કામ કરશે ને?

ટીઆરપી ગેમ ઝોનમાં ગેરકાયદે બાંધકામનું ડીમોલીશન નહીં કરવા કોણે ભલામણ કરી હતી તેની તપાસ હજુ ચાલી રહી છે ત્યારે નવનિર્માણ પામેલી ટીપી સહિતની શાખાઓમાં હવે અનેક જરૂરી અને બિનજરૂરી સુચનાઓ, ભલામણોમાં અનેક અધિકારીઓ ચૂંટાયેલા લોકોથી માંડી રાજકીય પક્ષના હોદ્દેદારો અને કાર્યકરોને આવી કોઈ પણ ભલામણ લેખિતમાં આપવા જવાબ દેવા લાગ્યા છે. આમ તો એકાદ મહિનાથી ચૂંટાયેલા લોકો, હોદ્દેદારો કોઈ આગ્રહભર્યા કામ માટે તંત્ર પર બહુ દબાણ કરતા નથી પરંતુ રોજબરોજના લોકોના કામ માટે ઉઘરાણી કરવી તો ચૂંટાયેલા લોકોનો અધિકાર છે.

હવે અમુક કામમાં અધિકારીઓ કાંડા કાપીને આપી દેવા તૈયાર થતા નથી અને બહુ જરૂરી હોય તો લેખિતમાં સૂચના આપવા કહે છે. જે રીતે ચૂંટાયેલી પાંખને જવાબ આપવામાં આવે છે તે જ રીતે વિભાગના વડાઓ અને ઉચ્ચ અધિકારીઓ પાસે પણ લેખિતમાં સૂચના માંગવાની સલાહ કર્મચારીઓને મળી રહી છે. આ સંજોગોમાં ટીપી સહિતની જે શાખાની રોજિંદી જવાબદારી છે તે ગેરકાયદે બાંધકામને નોટીસ આપવાથી માંડીને તોડવા સહિતની જવાબદારી તો અધિકારીઓ ઈમાનદારીથી નિભાવશે ને તેવો સવાલ શાસક પક્ષમાં પૂછાવા લાગ્યો છે. આવા અનેક કેસમાં ચૂંટાયેલા લોકો ભલામણ કરે છે પરંતુ ટીપીના અનેક અધિકારી અને કર્મચારી ભુતકાળમાં આવી નોટીસ આપીને શું ધંધો કરતા હતા તેની તપાસ સીટ પણ કરી રહી છે. આથી હવે આવી કામગીરીમાં કોના પર ભરોસો રાખવો તેની મોટી જવાબદારી ઉચ્ચ સત્તાધીશો પર આવી ગઈ છે.




### નાણામંત્રી સાથે પ્રી-બજેટ બેઠક યોજતા વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓએ આપ્યા સૂચનો

# સરકાર તરફથી આર્થિક મદદ મળશે તો ઉદ્યોગ અને કામદારો બંનેને ફાયદો થશે

ભારત હેડલાઈન, તા.૨૬


સરકારે મૂડી ખર્ચ વધારવો જોઈએ, નિકાસકારો માટે વ્યાજની સમાનતા યોજના ચાલુ રાખવી જોઈએ, સ્કીલ ટ્રેનીંગ ફી પર કર મુક્તિ આપવી જોઈએ અને ઘરેલું કામદારોના સામાજિક લાભો માટે વ્યવસ્થા કરવી જોઈએ. આ કેટલાક મહત્વપૂર્ણ સૂચનો હતા, જે મંગળવારે નાણામંત્રી નિર્મલા સીતારમણને મળ્યા હતા. નાણામંત્રી વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓ અને રોજગાર અને કૌશલ્ય ક્ષેત્રના નિષ્ણાતો સાથે પ્રી-બજેટ બેઠક યોજી રહ્યા હતા. નિકાસકારોની સંસ્થાના પ્રમુખ અશ્વની કુમારે NBT ને જણાવ્યું, 'અમે ભારતમાં વૈશ્વિક કક્ષાની ભારતીય શિપિંગ લાઇન વિકસાવવાની વિનંતી સાથે વ્યાજની સમાનતા યોજનાનો મુદ્દો પણ ઉઠાવ્યો હતો. તે ૩૦ જૂને સમાપ્ત થાય છે. તેને ૫ વર્ષ સુધી લંબાવવાની સાથે, MSMEs માટે સબવેન્શન રેટ ફરીથી ઘટાડીને ૫% અને ૪૧૦ અન્ય ટેરિફ લાઇનના કિસ્સામાં ૩% કરવા જોઈએ. GJEPCના ચેરમેન વિપુલ શાહે જણાવ્યું હતું કે, 'અમે રફ હીરા પરની ઈકવલાઈજેશન સમાનીકરણ વસૂલાત નાબૂદ કરવા અને પ્લેટિનમ જ્વેલરીની નિકાસ પર ડ્યૂટી ડ્રોબેક દાખલ કરવા વિનંતી કરી હતી.' જ્યારે, ભારતીય સ્ટાફિંગ ફેડરેશન એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર સુચિતા દત્તાએને કહ્યું, 'અમે સૂચવ્યું છે કે જો લોકો તેમના ઘરેલુ કામદારોના નામે EPFOમાં યોગદાન આપે છે, તો તેમને તે રકમ પર ટેક્સ છૂટ આપવી જોઈએ.

માઈગ્રેંટ વર્કસને સ્કીલ શીખવીને કામ કરવા સક્ષમ બનાવવા માટે સ્ટાફિંગ ઉદ્યોગે ઘણો ખર્ચ કરવો પડે છે. જો સરકાર તરફથી આર્થિક મદદ મળશે તો ઉદ્યોગ અને કામદારો બંનેને ફાયદો થશે. લીવરનેટના સીઈઓ ડો.ગાયત્રી વાસુદેવને જણાવ્યું હતું કે, 'આઈટીઆઈને અપગ્રેડ કરવાની માંગ સાથે અમે એમ પણ કહ્યું હતું કે નેશનલ એજયુકેશન પોલિસી હેઠળ માતા-પિતા માટે સ્કીલ શીખવા પર થતા ખર્ચ પર કર મુક્તિની જોગવાઈ હોવી જોઈએ.'

# હું જયારે રમવા ઉતરૂ છું ત્યારે વ્યકિતગત સિદ્ધિઓ વિશે કયારેય વિચારતો નથીઃ રોહિત શર્મા

ભારત હેડલાઈન, તા.૨૬

ગ્રોસ આઈસ્લેટ (સેન્ટ લુસિયા) રેકોર્ડબ્રેક સદીથી ચૂકી ગયો, પરંતુ ભારતીય કેપ્ટન રોહિત શર્મા માટે વ્યકિતગત સિદ્ધિઓથી કોઈ ફરત પડતો નથી. તેનો એકમાત્ર ઉદ્દેશ્ય મેદાની ચારે બાજુ શોટ ફટકારીને બોલરો પર દબાણ લાવવાનો હતો. રોહિતે ઓસ્ટ્રેલિયા સામે ૪૧ બોલમાં ૯૨ રનની આક્રમક ઈનિંગ રમી હતી,જેના કારણે ભારતે વર્તમાન ટુર્નામેન્ટનો તેનો સર્વોચ્ચ સ્કોર પાંચ વિકેટે ૨૦૫ રન બનાવ્યો હતો.અને ૨૪ રનથી જીત મેળવી હતી.



ટી-૨૦ વર્લ્ડકપમાં વેસ્ટ ઈન્ડિઝના ક્રિસ ગેલનું કે જેણે ૨૦૧૬માં ૪૭ બોલમાં સદી ફટકારી હતી.રોહિત આ રેકોર્ડ તોડવાની ખૂબ નજીક હતો પણ બનાવી શકયો નહી.આ મેચના સર્વશ્રેષ્ઠ ખેલાડી તરીકે જાહેર કરાયેલા રોહિતે કહ્યું, જયારે તમે ખુલા મનથી રમો છો અને માત્ર એક શોટ વિશે વિચારતા નથી તો તમે મેદાનના તમામ ભાગોમાં રન બનાવી શકો છો.

૫૦ રન કે સદીથી કોઈ ફરક પડતો નથી, હું બસએ જ સ્ટાઈલમાં બેટિંગ કરવા માંગતો હતો જે રીતે હું કરી રહ્યો છું.તમે મોટો સ્કોર કરવા માંગો છો.પરંતુ તમે ઈચ્છો છો કે બોલર વિચારે કે આગળનો શોટ કયાં આવશે અને હું તે કરવામાં સફળ રહ્યો.

# સંયુક્ત રાષ્ટ્રમાં પાકિસ્તાને ફરી કાશ્મીર રાગ છેડ્યોઃ ભારતે કહ્યું - આ સમયની બરબાદી

### • જમ્મુ-કાશ્મીર ભારતનું અભિન્ન અંગઃ ભારત

ભારત હેડલાઈન, તા.૨૬

સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં પાકિસ્તાને ફરી કાશ્મીરનો રાગ છેડતા ભારતે પાકિસ્તાનની આ હરક્તની ટિકા કરીને ફટકાર લગાવી હતી. ભારત પાક.ની ટિકા કરતા જણાવ્યું હતું કે આ નિવેદન કપટપૂર્ણ અને નિરાધાર છે.

સંયુક્ત રાષ્ટ્રની મહાસભામાં પાકિસ્તાનના સંયુક્ત રાષ્ટ્ર દૂત મુનીર અકરમ દ્વારા કાશ્મીરનો રાગ આલાપવામાં આવ્યો ત્યારે ભારતે પાકિસ્તાનને જણાવ્યું હતું કે જમ્મુ કાશ્મીર ભારતનું અભિન્ન અને અવિભાજ્ય અંગ છે અને હંમેશા રહેશે.



સંયુક્ત રાષ્ટ્રમાં ભારતના સ્થાયી મિશનમાં મંત્રી પ્રતીક માથુરે જણાવ્યું હતું કે, પાકિસ્તાનના પ્રતિનિધિ મંડળનું આ નિવેદન આશ્ચર્યની વાત નથી. આપણે આ ટિપ્પણી યુએનજીએનો સમય બરબાદ ન કરવો જોઈએ. એટલે પ્રતિક્રિયા આપીને હું આવી ટિપ્પણીઓને પ્રોત્સાહન નહીં આપું.

# બાપ રે હદ થઈ! ૧૦ દિવસથી બંધ RTOનો ટ્રેક હજુ તા.૨૯ સુધી બંધ રહેશે

- ૧૫૦૦થી વધુ વાહન ધારકો વેઈટીંગ લીસ્ટમાંઃ અરજદારોને ભારે ગરમી વચ્ચે કચેરીના થતાં ધરમ ધક્કાથી વ્યાપક રોષ
- આરટીઓ અધિકારી કહે છે કે ટ્રેકના સેન્સરો બગડી ગયા છે
- ગાંધીનગર ખાતે રીપેરીંગ માટે મોકલાયા છે, ત્યાંથી રીપેરીંગ થઇ આવે એટલે તુરંત ટ્રેક શરૂ કરી દેવાશે




ભારત હેડલાઇન, તા.૨૬

છેલ્લા ઘણા સમયથી રાજકોટ સહિત રાજ્યભરમાં આરટીઓ તંત્રનું સર્વર વારંવાર ઠપ્પ થઇ જવાની સમસ્યા હવે માથાના દુઃખાવા રૂપ બની ગઇ છે. ગમે ત્યારે ટેકનીકલ બહાના હેઠળ આરટીઓ તંત્ર દ્વારા સર્વર બંધ કરી દેવામાં આવે છે. જેના કારણે હજારો અરજદારોના કામો ખોરંભે પડી જાય છે. આ સમસ્યા એટલી વ્યાપક બની ગઇ છે કે લોકો હવે આરટીઓ કચેરીના સર્વરથી થાકી ગયા છે. આ પ્રશ્ને અનેક વખત ઉચ્ચ કક્ષાએ રજુઆતો પણ કરવામાં આવી છે. આમ છતાં આરટીઓના સર્વરની સમસ્યા હજુ સુધી કાયમી ધોરણે હલ થઇ નથી.

ઉલ્લેખનીય છે કે રાજકોટ આરટીઓ કચેરીમાં જ છેલ્લા ૧૦ દિવસથી ટેકનીકલ ક્ષતિના બહાના હેઠળ ડ્રાઇવીંગ ટેસ્ટ ટ્રેક બંધ કરી દેવામાં આવેલ છે. જેના કારણે છેલ્લા ઘણા દિવસથી વાહન ધારકોને ભારે ગરમી વચ્ચે કચેરીના ધરમ ધક્કા થઇ રહ્યા છે. આથી અરજદારોમાં વ્યાપક દેકારા સાથે ભારે રોષની લાગણી પ્રસરી ગઇ છે.

છેલ્લા દસ દિવસથી આરટીઓ કચેરીનો ડ્રાઇવીંગ ટેસ્ટ ટ્રેક બંધ છે ત્યારે ફરી એક વખત આરટીઓ કચેરી દ્વારા આજ તા.૨૬થી તા.૨૯ સુધી ફરી એકવાર ફોર વ્હીલર માટે ડ્રાઇવીંગ ટેસ્ટ ટ્રેક બંધ રાખવાની સત્તાવાર જાહેરાત કરવામાં આવી છે. રાજકોટના પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી દ્વારા જણાવાયું છે કે આરટીઓ રાજકોટ ખાતે કાર્યરત ફોર વ્હીલર વાહનો માટેનો ઓટો મેટેડ ડ્રાઇવીંગ ટેસ્ટ ટ્રેક ટેકનીકલ કારણોસર તા.૨૬-૬થી ૨૯-૬ દરમિયાન બંધ રહેશે.

આ સમયગાળા દરમિયાન જે અરજદારોએ ફોર વ્હીલર વાહન માટે ટેસ્ટ ટ્રેકની એપોઇન્ટમેન્ટ લીધેલ છે તેમની એપોઇન્ટમેન્ટ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી રાજકોટ દ્વારા રિ-સિડ્યુલ કરી આપવામાં આવેલ છે. જેની રાજકોટ જિલ્લાની જાહેર જનતાએ નોંધ લેવી.

અત્રે ઉલ્લેખનીય છે કે ૧૦ દિવસથી ટેકનીકલ બહાના હેઠળ ડ્રાઇવીંગ ટ્રેક બંધ છે અને હવે ફરી આગામી તા.૨૯ સુધી ટ્રેક બંધ રાખવાની આરટીઓ તંત્રએ જાહેરાત કરી છે જેના કારણે રાજકોટના ૧૫૦૦થી વધુ વાહન ધારકો વેઇટીંગ લીસ્ટમાં આવી ગયા છે.

વાહન ધારકોની ફરિયાદ છે કે છેલ્લા ઘણા દિવસોથી આ પ્રશ્ન ઉપસ્થિત થયો છે જેના કારણે લોકોને ભારે ગરમી વચ્ચે કચેરીના ધરમધક્કા થઇ રહ્યા છે. દરમિયાન આ પ્રશ્ને અંગે કે.એમ. ખપેડનો સંપર્ક સાધતા તેઓએ જણાવેલ હતું કે ડ્રાઇવીંગ ટ્રેકના સેન્સર ટેકનીકલ કારણોસર બંધ થઇ ગયા છે અને આ સેન્સરનું રીપેરીંગ રાજકોટમાં થતું નથી આથી છેલ્લા કેટલાક દિવસથી આ સેન્સરને ગાંધીનગર ખાતે રીપેરીંગ માટે મોકલવામાં આવ્યા છે. જ્યારે આ સેન્સરો રીપેરીંગ થઇ આવી જાય એટલે તુરંત ફરી ડ્રાઇવીંગ ટ્રેક શરૂ કરી દેવામાં આવશે.

## માધાપરમાં રહેતી યુવતીનો અગમ્ય કારણોસર ફાંસો ખાઈ આપઘાત

- પ્રેમ થયા બાદ ત્રણ માસ પૂર્વે જ સગાઈ કરી હતી : પરિવારમાં શોક



ભારત હેડલાઇન, તા.૨૬

રાજકોટ જામનગર રોડ ઉપર આવેલ માધાપર ગામમાં રહેતી અને ખાનગી હોસ્પિટલની અગાઉ નોકરી કરતી યુવતીએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી આપઘાત કરી લેતાં ગાંધીગ્રામ પોલીસે તપાસ હાથ ધરી છે. બનાવ અંગે પોલીસ સૂત્રોમાથી પ્રાપ્ત વિગતો મુજબ માધાપરમાં રહેતી જ્યોતિબેન મોહનભાઇ મકવાણા ઉ.૨૦ નામની યુવતીએ અગમ્ય કારણોસર ઝેરી દવા પી લેતા સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડાઇ હતી પરંતુ અંહી સારવાર દરમિયાન તેણીનું મોત નિપજ્યું હતું બનાવની જાણ થતાં ગાંધીગ્રામ પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો અને જરૂરી કાર્યવાહી કરી હતી પોલીસની પ્રાથમિક તપાસમાં આપઘાત કરી લેનાર જ્યોતિ ચાર ભાઈ-બહેનમાં નાની હતી અને તેના પિતાનું એક વર્ષ પહેલાં અવસાન થયેલ છે. તેણી અગાઉ દોઢસો ફૂટ રિંગ રોડ ઉપર આવેલ ખાનગી હોસ્પિટલમાં નર્સ તરીકે નોકરી કરતી હતી તેણીને એક યુવક સાથે પ્રેમ થયા બાદ તેની સાથે લગ્ન કરવાની હોય પરિવારજનોએ રાજી ખુશીથી ત્રણ માસ પહેલાં સગાઈ કરાવી દિધી હતી અને દિવાળી બાદ તેના લગ્ન પણ નક્કી કરવામાં આવ્યાં હતાં આપઘાતના કારણ અંગે પરીવાર પણ અજાણ હોય જેથી પોલીસે તપાસ યથાવત રાખી છે.

## વરસાદની આગાહીના પગલે કલેકટર તંત્ર એલર્ટઃ ડીઝાસ્ટર વિભાગમાં ચાર નાયબ મામલતદારોને સોંપાતી વધારાની કામગીરી

- તમામ તાલુકા મામલતદારોને સાવચેત કરાયાઃ હેડ કવાર્ટર નહીં છોડવા તાકીદ

ભારત હેડલાઇન, તા.૨૬

નૈત્રસ્યના ચોમાસાનો પ્રારંભ થયા બાદ રાજકોટમાં અત્યાર સુધીમાં બે ઈંચ જેટલો વરસાદ પડી જવા પામેલ છે. તેની સાથોસાથ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં પણ મેઘરાજાએ ધમાકેદાર એન્ટ્રી મારી દીધી છે. જે બાદ હવે હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી કરવામાં આવી હોય કલેકટર તંત્ર એલર્ટ બની જવા પામેલ છે.કલેકટર કચેરીના ડીઝાસ્ટર વિભાગમાં ભારે વરસાદની આગાહીના પગલે જિલ્લા કલેકટર પ્રભવ જોશી દ્વારા ચાર જેટલા નાયબ મામલતદારોને વધારાની કામગીરી સોંપી દેવામાં આવી છે. તેની સાથોસાથ જિલ્લાના તમામ તાલુકાના મામલતદારોને સાવચેત કરી દેવામાં આવેલ છે.

મામલતદારો-ડે. કલેકટરોને હેડ કવાર્ટર નહીં છોડવા માટે તાકીદ કરી દેવામાં આવી છે.અહીં એ ઉલ્લેખનીય છે કે, રાજ્ય સરકાર દ્વારા અગાઉ રાજકોટ જિલ્લા માટે એનડીઆરએફની એક ટીમ ફાળવી દેવામાં આવી હતી. આ ટીમ રાહત-બચાવના સાધનો સાથે રાજકોટમાં પડાવ નાખી દીધો છે. ભારે વરસાદની આગાહીના પગલે રાજકોટ શહેર-જિલ્લામાં કલેકટર તંત્ર દ્વારા તમામ રેવન્યુ અધિકારીઓને એલર્ટ કરી દેતા તંત્ર એકશન મોડમાં આવી જવા પામેલ છે. જેમાં કલેકટર કચેરીના ડીઝાસ્ટર વિભાગમાં ચાર નાયબ મામલતદારોને વધારાની કામગીરી સોંપાતા ડીઝાસ્ટર વિભાગ ધમધમતો બન્યો છે.ફ

# વરસાદી પાણી તો ભરાય જ, લોકો આદત પાડેઃ મ્યુ. કમિશનર દેસાઈ

## હંગામી વ્યવસ્થા ચોમાસા પૂરતી થશે પરંતુ લાંબા ગાળાના આયોજન માટે રેડ ઝોન વિસ્તારનો અભ્યાસ કરી આયોજન કરાશે

ભારત હેડલાઈન, તા.૨૬

રાજકોટ શહેરમાં એક ઈંચ વરસાદમાં જ અનેક સ્થળોએ વરસાદી પાણી ભરાવાની ફરિયાદો વર્ષોથી ઉઠી રહી છે અને તેમાં સતત વધારો થઈ રહ્યો છે. ત્યારે ચોમાસું માથે હોય વરસાદી પાણીના નિકાલ માટે ક્યા પ્રકારનું આયોજનકરવામા આવ્યું છે. તે અંગે મ્યુનિસિપલ કમિશનર દેવાંગ દેસાઈને પુછવામાં આવતા તેમણે જણાવેલ કે, મુંબઈ અને ચેન્નઈ જેવા મોટા શહેરોમાં રાજકોટ કરતા પણ વધુ વરસાદ થાય છે છતાં ત્યાંના નાગરિકો હવે ટેવાઈ ગયા છે. અને કોર્પોરેશન દ્વારા જરૂરિયાત મુજબ રેસ્ક્યુ સહિતની કામગીરી થતી હોય છે. શહેરનો વ્યાપ વધતાની સાથે જમીનમાં પાણી ઉતરવાના સોર્સ બંધ થવા લાગ્યા છે. પરિણામે વરસાદી પાણી તો ભરાશે જ આથી લોકોએ પણ આદત પાડવી પડશે અને હંગામી વ્યવસ્થા તંત્ર દ્વારા ઉભી કરી ભવિષ્ય માટે લાંબા ગાળાનું આયોજન કરવામાં આવશે.

મ્યુમિનસિપલ કમિશનર દેવાંગ દેસાઈએ જણાવેલ કે, ચોમાસા દરમિયાન રાજકોટ શહેરમાં પાણી ભરાવવાની ફરિયાદો દિવસે દિવસે વધતી જાય છે. એક-બે ઈંચ વરસાદથી તમામ વિસ્તારોમાં પાણી એક-બે કલાક સુધી ભરાયેલ રહે છે. જ્યારે અમુક રેડઝોન વિસ્તારોમાં ૨૪થી ૪૮કલાક પાણી ભરાયેલું રહે ત્યાં હંગામી ધોરણે વ્યવસ્થા ઉભી કરવામાં આવી રહી છે. મુંબઈ અને ચેન્નાઈ જેવા શહેરોમાં રાજકોટ કરતા વધુ વરસાદ પડતો હોવા છતાં ત્યાં પાણી ભરાવાની ફરિયાદો ઉઠતી નથી કારણ કે, લોકો હવે ટેવાઈ ગયા છે. આથી લોકોએ પણ વરસાદ ચાલુ હોય ત્યારે પાણીનો નિકાલ થાય ત્યાં સુધી પાણી ભરાયેલું રહે તે સ્વભાવિક છે. જેની ફરિયાદ ન કરવી જોઈએ અને આદત પાડવી જોઈએ. છતાં આ ચોમાસા દરમિયાન રેડ ઝોનમાં આવતા વિસ્તારોમાં ૨૪ થી ૪૮ કલાક પાણી ભરાવાની ફરિયાદો આવતી હોય ત્યાં પંમ્પીંગ કરી પાણી ઉલેચવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. તેવી જ રીતે સ્ટ્રોમ વોટર યોજનાની સફાઈ સમયસર થાય તે મુદ્દે ચાલુ વરસાદે સ્ટ્રોમ વોટરની જાળીમાંથી કચરો કાઢવાની કામગીરી પણ ચાલુ રાખવામાં આવશે.



મ્યુનિસિપલ કમિશનરે વધુમાં જણાવેલ કે, સ્ટ્રોમ વોટર યોજના માટે અબજો રૂપિયાનો ખર્ચ કરવો પડે છે. તેમજ આ યોજના પાછળ દર વર્ષે કરોડો રૂપિયાનું આંધણ કરવું પડતું હોય છે. સ્ટ્રોમ વોટર યોજના વધુ વરસાદ હોય ત્યારે ખર્ચ કર્યા મુજબનું કામ આપતી નથી. જ્યારે લોકો દ્વારા ફેંકવામાં આવતો કચરો સ્ટ્રોમ વોટર યોજનાની ઝાળીમાં ફસાઈ જતાં સોસાયટીઓ અને ઘરોમાં પાણી ઘુસી જવાના બનાવો બનતા હોય છે. આથી સહેરીજનોએ જ્યાં ત્યાં કચરો ન ફેંકી અને ચાલુ વરસાદે પાણી ભરાયેલું હોય તેની ફરિયાદ ન કરી ટેવ પાડવાની રહેશે છતાં તંત્ર દ્વારા ચોમાસા દરમિયાન સતત રેસક્યુ સહિતની કામગીરી ૨૪□૭ ચાલુ રાખવામાં આવશે.

# વ્યાજંકવાદને નાથવા રાજકોટ શહેર પોલીસ દ્વારા જનસંપર્ક સભાનું આયોજન કરાયું

ભારત હેડલાઈન, તા.૨૬

રાજકોટ શહેર પોલીસ કમિશ્નર બ્રજેશ કુમાર ઝા ના માર્ગદર્શન હેઠળ અને અધ્યક્ષ સ્થાને તા.૨૮/૦૬ ના રોજ રાજકોટ શહેર પોલીસ દ્વારા વ્યાજંકવાદની બદી નાબુદ કરવા જનસંપર્ક સભાનુ આયોજન કરેલ છે. જેમાં અધિક પોલીસ કમિશ્નર મહેન્દ્ર બગડીયા તથા નાયબ પોલીસ કમિશ્નર સજ્જનસિંહ પરમાર, ઝોન-૧ તથા નાયબ પોલીસ કમિશ્નર (ક્રાઈમ) ડો.પાર્થરાજસિંહ ગોહિલ તથા નાયબ પોલીસ કમિશ્નર જગદીશ બાંગરવા ઝોન-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર (ટ્રાફીક) પુજા યાદવ તેમજ રાજકોટ શહેરના તમામ મદદનીશ પોલીસ કમિશ્નરઓ તથા તમામ પોલીસ સ્ટેશનના તમામ પોલીસ ઈન્સ્પેકટરઓ હાજર રહેશે જે જનસંપર્ક સભા આગામી તા.૨૮/૦૬ના રોજ સાંજના કલાક-૧૬/૦૦ વાગ્યે હેમુ ગઢવી હોલ રાજકોટ ખાતે રાખવામાં આવેલ છે. અને આ જનસંપર્ક સભા દરમ્યાન જે તે પોલીસ સ્ટેશનના થાણા અધિકારીઓ દ્વારા અજરદારની અરજીઓ પણ હેમુ ગઢવી હોલ ખાતેજ સ્વીકરાવામાં આવશે. આ જનસંપર્ક સભામાં વ્યાજંકવાદને લગતી સમસ્યાઓનુ નિરાકરણ તેમજ આ બદીથી મુકત



કરવા અને વ્યાજંકવાદ સંપુર્ણ નાબુદ કરવાના હેતુસર આયોજન કરવામાં આવેલ છે. રાજકોટ શહેરમાં રહેતા ઘણા નાગરિકો આર્થીક તંગીના કારણે ગેરકાયદેસર વ્યાજ વટાવનો વ્યવસાય કરતા ઈસમો પાસેથી વ્યાજે રૂપિયા લેતા હોય છે જે આવી ગેરકાયદેસર પ્રવૃતિ આચરનાર ઈસમો ઉંચા વ્યાજે રૂપિયા આપતા હોય છે અને બાદ ભોગબનનાર વ્યકિત તે ઉંચુ વ્યાજ ચુકવતો રહે છે જેમાં મુદલ રકમ કરતા ઘણી બધી વધુ રકમ ચુકવવા છતા આવી પ્રવૃતિ આચરનાર ઈસમો દ્વારા ભોગબનનાર વ્યકિત પાસેથી પઠાણી ઉઘરાણી કરવામાં આવતી હોય છે અને જેના પરીણામે ભોગબનનાર તથા તેના કુટુંબીજનોની પાયમાલી સર્જાતી હોય છે જે એક વ્યકિતને નહીં પરંતુ એક પુરા કુટુંબને અસર કરતા રહે છે આવી ગેરકાયદેસરની પ્રવૃતી સદંતર બંધ કરાવવા રાજકોટ શહેર પોલીસ દ્વારા વ્યાજંકવાદ અંગે આ જનસંપર્ક સભાનુ આયોજન કરવામાં આવેલ છે જેમાં વ્યાજંકવાદને લગતી કોઇ પણ પ્રકારની તકલીફો કે ફરીયાદ હોય તો સીધા આ જનસંપર્ક સભામાં નિર્ભયપણે ભાગ લઈ પોતાની રજુઆત કરી શકશે તેમજ અગાઉ રાજકોટ શહેરના પોલીસ સ્ટેશનમાં અથવા પોલીસ કમિશ્નરની કચેરીએ અરજી કરેલ હોય અને તેમાં પોલીસે કરેલ કાર્યવાહીથી સંતુષ્ટ ન હોય તેવા નાગરિકો પણ આ જનસંપર્ક સભામાં નિર્ભયપણે ભાગ લઈ પોતાની રજુઆત કરી શકશે અને રાજકોટ શહેરના નાગરિકોની કોઈ પણ ફરીયાદ અરજીનો સ્થળ પર નિરાકરણ કરી અને તેઓને ન્યાય અપાવવા માટે રાજકોટ શહેર પોલીસ દ્વારા કામગીરી કરવામાં આવશે. જેથી આ જનસંપર્ક સભા માં ભાગ લેવા માટે રાજકોટ શહેરના નાગરિકોને પોલીસ કમિશ્નર દ્વારા અપીલ કરવામાં આવે છે.

# ૪૦ વર્ષની INTACH યાત્રાઃ મહાત્મા ગાંધી મ્યુઝિયમના આંગણે એક અનોખું પ્રદર્શન યોજાયું

ભારત હેડલાઇન, તા.૨૬

ઈન્ડીયન નેશનલ ટ્રસ્ટ ફોર આર્ટ એન્ડ કલ્ચરલ હેરિટેજ (INTACH) એ ભારતના સાંસ્કૃતિક વારસા અને વિસરાતી જતી વિરાસત માટે કામ કરતી એક સ્વાયત્ત સંસ્થા છે. જેના રાજકોટ ચેપ્ટર દ્વારા તા.૨૧ થી ૨૩ જૂન એક સુંદર પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શન પ્રભાવ જોષી, રાજકોટ જિલ્લા કલેક્ટર અને ડો. નવનાથ ગવહાણે, રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા ખૂબ જ પ્રશંસા કરવામાં આવી હતી. રાજકોટ જિલ્લા કલેક્ટર પ્રભવ જોષીએ પ્રદર્શન નિહાળી ને કહ્યું કે 'સમગ્ર દેશના સમૃદ્ધ વારસાની જાળવણીના સફળ પ્રયાસો જોઈને ખૂબ જ આનંદ થયો હતો'. આ પ્રદર્શનમાં INTACH સંસ્થાની ૨૩૧ શાખા દ્વારા છેલ્લા ૪૦ વર્ષમાં કરાયેલ સાંસ્કૃતિક જાળવણીના કાર્યની નોંધ, વિગત, ફોટો તેમજ માહિતી પ્રદર્શિત કરવામાં આવેલ હતી. આ પ્રદર્શનમાં મુખ્યત્વે દેશભરના વિવિધ રાજ્યો અને જિલ્લા, ગામમાં આવેલ સ્થાપત્ય, શિલ્પ, બાંધકામ તેમજ નૃત્ય, નાટ્ય, સંગીત અને હાથવણાટ જેવી પરંપરાગત શૈલીની કલાઓ અને કલાકારો તેમજ સ્થાપત્યના જતન અંગે અનેકવિધ



પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવેલ તેની વિસ્તૃત દસ્તાવેજી માહિતી રજૂ કરવામાં આવેલ હતી. રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવહાણેએ રાજકોટ શહેર તથા જિલ્લાની જાનતાને અપીલ કરતા કહ્યું કે 'આપણા અમૂલ્ય વારસો ને સાચવવાની જવાબદારી આપણી સહુને છે. જ્યારે INTACH ભારતના પ્રખ્યાત વારસાને બચાવવા માટે શ્રેષ્ઠ પ્રયાસો કરી રહ્યું છે, ત્યારે આપણે સૌએ એમને આપણાથી બનતો સાથ આપવો જોઈએ. આ પ્રદર્શન શહેરના અનેક કલાકાર મિત્રો, ચિત્રકારો, સ્થાપત્ય પ્રેમીઓ, આર્કિટેક્ટ, શિક્ષકો સહિત અંદાજે ૩૦૦થી વધુ લોકોએ માણ્યું હતું. આ પ્રદર્શનના ઉદઘાટન પ્રસંગે ખાસ દિલ્હીથી હેરિટેજ એજ્યુકેશન એન્ડ કોમ્યુનિકેશન સર્વિસ (HECS INTACH) ડિપાર્ટમેન્ટના વડા પૂર્ણિમાબહેન દત્ત ઉપસ્થિત રહ્યા હતા. સાથોસાથ જાણીતા ઈતિહાસવિદ ડો.પ્રદ્યુમન ખાચર , શિક્ષણવિદ અને સેલ્ફ ફાયનાન્સ સ્કૂલ એસોસિએશનના પ્રેસિડેન્ટ ડી.વી. મહેતા, રોઝરી ગ્રુપ ઓફ ઈન્સ્ટિટ્યુશન ટ્રસ્ટી ડો. વિશાલ વારીયા તેમજ ખ્યાતનામ શિલ્પકાર તથા પ્રિન્ટ મેકર જયેશભાઈ શુક્લ ઉપસ્થિત રહ્યા હતા. ગુજરાત યુનિવર્સિટીના ભૂતપૂર્વ વાઈસ ચાન્સેલર અને INTACH સભ્ય ડો. અનામિક શાહ આ પ્રદર્શનની રાજકોટના લોકો પર ખૂબ જ હકારાત્મક અસર થવાની આશા રાખે છે. આ તબક્કે રાજકોટ પોર્ટ્રેટ કલબના પ્રતિનિધિઓએ તેમની કલાનું અદભૂત પ્રદર્શન પણ કર્યું. ઈંગઝઅઈઈ રાજકોટના કન્વીનર આર્કિટેક્ટ રિદ્ધિ શાહ, રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન જૈમિનભાઈ ઠાકર તથા ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર ચેતન નંદાણી રાજકોટમાં આ પ્રવૃત્તિ અર્થે મહાત્મા ગાંધી મ્યુઝિયમમાં અનુકૂળ જગ્યા આપવા બદલ આભાર વ્યક્ત કરે છે. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે આ પ્રદર્શન નો મુખ્ય હેતુ એ છે કે 'રાજકોટના લોકોમાં હેરિટેજ અને જાળવણી અંગેની જાગૃતિ વધે અને સતત કલાક્ષેત્રે પ્રવૃત્તિમય એવા આ શહેરના લોકો વધુને વધુ વારસા અને સાંસ્કૃતિક જતનમાં પોતાનું યોગદાન આપે'. પ્રદર્શનનું સમાપન કરતા, રાજકોટ ચેપ્ટર કન્વીનર રિદ્ધિબેન આ પ્રદર્શનની સફળતા માટે તેમના ટીમના સભ્યો અભિષેક પાનેલીયા, મિતેશ જોષી, હિતેશ ખીમાણીયા, મનોજ ગોહિલ, હેમાંગી પટેલ, ખુશ્બુ ખુંટ, નિયતી શાહ, ચેતસ ઓઝા, પાર્થ, પાલ, મુસ્કાન, માનવ, નરેન્દ્ર અને અદિતિનો આભાર માને છે.

# ન્યાય ખાતા કર્મચારી મંડળી યુનિયન વર્ગ-૩ની સાધારણ સભામાં હોદ્દેદારોની કરાઈ બિનહરીફ વરણી

## • વાર્ષિક અહેવાલ રજૂ કરાયોઃ નિવૃત થયેલા કર્મચારીઓનુ કરાયું સન્માન

ભારત હેડલાઇન, તા.૨૬

રાજકોટ જિલ્લા ન્યાયખાતાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળી તથા રાજકોટ જીલ્લા ન્યાયખાતા કર્મચારી યુનિયન (વર્ગ-૩નું કર્મચારી મંડળ) સને ૨૦૨૩-૨૦૨૪ની વાર્ષિક સાધારણ સભા અને હોદેદારોની બિનહરીફ ચૂંટણી તા.૧૭ના રોજ રાજશ્રૃંગાર પાર્ટી પ્લોટ, બીગ બજાર પાસે, ૧૫૦ ફુટ રીંગ રોડ, રાજકોટ ખાતે યોજાયેલ હતી. જેમાં કાર્યક્રમના અધ્યક્ષ તરીકે મુખ્ય જિલ્લા ન્યાયાધીશ વી.બી. ગોહિલ તથા અતિથિ વિશેષ તરીકે અધિક જિલ્લા ન્યાયાધીશ જે.ડી. સુથારનાં હસ્તે દિપ પ્રાગટય કરીને કાર્યક્રમની શરૂઆત




કરવામાં આવેલ ત્યારબાદ મંડળી તથા મંડળના હોદ્દેદારો દ્વારા વાર્ષિક હિસાબો જાહેર કરવામાં આવેલ હતાં. વર્ષ ૨૦૨૩-૨૦૨૪માં નિવૃત થયેલાં કર્મચારીઓ તથા રાજકોટ જિલ્લા ન્યાયખાતા માંથી અન્ય ખાતામાં સરકારી સેવામાં જોડાયેલા કર્મચારીઓને હોદેદારોએ તથા સભ્યોનું શાલ ઓઢાડી સન્માનિત કરી શુભેચ્છાઓ પાઠવેલ હતી.

રાજકોટ જિલ્લા ન્યાયખાતાના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીમાં ભુગુરાજસિંહ જાડેજા (પ્રમુખ), રાજેન શાહ (માનદ મંત્રી), રોહિત રાવલ (ઉપપ્રમુખ), દિગ્વિજિયસિંહ જાડેજા (ઉપપ્રમુખ), ધવલ ભુંભરીયા (પ્રવકતા), પ્રેમલ ગણાત્રા (પ્રવકતા), હરકિશન રામાણી (મીડીયા ઈન્ચાર્જ) કારોબારી સભ્યઓ ધર્મેશ મહેતા, વિપુલ ભુત, દિગ્રેશ ભટ્ટ, આનંદ રાઠોડ, પરેશ ઠાકર, રવિ સોલંકી, ચેતન રાઠોડ, હિતેષ પરમાર તેમજ રાજકોટ જિલ્લા ન્યાયખાતા કર્મચારી યુનિયન (વર્ગ-૩નું કર્મચારી મંડળ)માં ધર્મેશ જે.મહેતા, (પ્રમુખ), રવિ સોલંકી (સેક્રેટરી) દિગ્રેશ ભટ્ટ (ઉપપ્રમુખ), દિગ્વિજયસિંહ જાડેજા (ઉપપ્રમુખ), પ્રેમલ ગણાત્રા (જોઈન્ટ સેક્રેટરી), પરેશ ઠાકર (પ્રવકતા), મેઘજી સીસારા (પ્રવકતા), વ્યવસ્થાપક સભ્યઓ ભુગુરાજસિંહ જાડેજા, રાજેન શાહ, આનંદ રાઠોડ, કીરીટ ચૌહાણ, પિયુષ રૈયાણી, અબ્દુલ સીંધી, હરેશ ભડલીયા, રશેન્દુ અવાસીયા, પિયુષ કારીયા, મનિષ પંડયા, સંજય સોલંકી, સમીર તલાટીયા, જયેશ બારૈયા, અને આર.કે. સીંધવની સર્વાનુમતે બિનહરીફ વરણી કરવામાં આવી હતી. જેમાં કર્મચારી મંડળીમાં ભુગુરાજસિંહ જાડેજા (પ્રમુખ) રાજેન શાહ (માનદ મંત્રી) તરીકે સર્વાનુમતે સતત આઠમી વખત બિનહરીફ વરણી થતા હોદેદારો અને કારોબારી સભ્યો દ્વારા તેમનું હર્ષોલ્લાસ તથા આનંદની લાગણી સાથે વિશેષ સન્માન કરવામાં આવેલ હતું.

# BAPS સ્વામિનારાયણ મંદિરે મહંત સ્વામીના સાંનિધ્યમાં સુહૃદયભાવ દિન ઉજવાયો

- ઘરસભાએ પ્રમુખસ્વામી મહારાજે આપેલી સંજીવની છે
- પૂ.મહંત સ્વામી મહારાજની પ્રેરણાથી તમામ હરિભકતો માટે ગુણોની પોથી 'ગુણપોથી'નું ઉદઘાટન કરાયું



ભારત હેડલાઇન, તા.૨૬

બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના ગુરુવર્ય પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ સર્વે હરિભક્તોને તેમની કરુણાવર્ષાથી તા. ૧૪ જૂનથી ભીંજવી રહ્યા છે, આ પ્રેમવર્ષા તા. ૧૦ જુલાઇ સુધી પ્રાપ્ત થશે. તેઓની પ્રત્યક્ષ ઉપસ્થિતિમાં પ્રતિદિન પ્રેરણાત્મક અને વૈવિધ્યસભર સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન થતું હોય છે. આ કાર્યક્રમોની શૃંખલામાં સૌને પોતાના હૃદયમાઝાંખતા શીખવતો દિન એટલે કે, 'સુહૃદભાવ દિન'. જેઅંતર્ગત યુવાનો દ્વારા પારિવારિક સમસ્યાઓ અને તેનું સમાધાન આપતી એક અનોખી પ્રસ્તુતિરજૂ થઈ હતી.ન માત્ર આજના યુગમાં, પરંતુ મનુષ્ય જાતિનાઉદ્દભવકાળથી ચાલી આવતી પારિવારિક સમસ્યાના સમાધાન આપતા કાર્યક્રમો આજના સુહૃદભાવ દિનમાં યુવકો દ્વારા રજૂ થયા હતા. જેમાં રમૂજની સાથે સાથે હૃદયદ્રાવક સમસ્યાઓના સમાધાન આપતો અને પરિવારનું પ્રતિબિંબ દર્શાવતો રસપ્રદ સંવાદ પ્રસ્તુત થયો. પિતા-પુત્રના, સાસુ-વહુના, ભાઈ-ભાઈના, પતિ-પત્નીના અનેક સળગતા પ્રશ્નો દર્શાવીને તેનું એકમાત્ર સમાધાન એવી ઘરસભા વિશે માર્ગદર્શન અપાયું હતું. વિશ્વમાં સર્વપ્રથમ પારિવારિક સમસ્યાઓનું સરળ અને સચોટ સમાધાન પરમ પૂજ્ય પ્રમુખસ્વામી મહારાજે ઘરસભા રૂપે આપ્યું હતું. ઘરસભાએ છૂટાછેડા સુધી પહોંચેલા સબંધોને ફરી સુહૃદભાવથી જોડ્યા છે. જેઓ એકબીજાના ચહેરા જોવા પણ તૈયાર નહોતા તેઓ ઘરસભાના લીધે જીવનભર સાથે રહેવાના વચન આપે છે.સ્વભાવને લીધે સળગતા સબંધોને શાતા આપવાનું કામ ઘરસભાએ કર્યું છે. ખૂટતા ઘર એ સમસ્યા નથી પણ તૂટતાં ઘર એ સમસ્યા છે. પરંતુ ઘરસભા એ પારિવારિક શાંતિનો રાજમાર્ગ છે. આજ રોજ સભામાં ઉપસ્થિત હજારો સંતો-ભક્તોએ સભામાં બેઠા થકા જ એકબીજાના હાથ પકડીને સંપનીસાંકળ રચી પારિવારિક એકતાનો સંદેશો ઝીલ્યો હતો. સંપીલા પરિવારની ભાવના આજે ઉપસ્થિત તમામ ભક્તોએ દૃઢ કરી હતી. આજે પ.પૂ.મહંતસ્વામીમહારાજની પ્રેરણાથીસુહૃદભાવ દિને તમામહરિભક્તો માટે ગુણોની પોથી 'ગુણપોથી'નું ઉદ્દઘાટન કરવામાં આવ્યું હતું. આ ગુણપોથી એ એક એવી ગુણોની પોથી બની રહેશે જેભક્તોના જીવનમાં સાકર કરતા પણ વધુ મીઠાશ આપશે. પરિવારજનોએ એકબીજાના ગુણો આ ગુણપોથીમાં નોંધવા જે એવું કવચ બનાવી આપશે જેનાથી અવગુણોરૂપી શત્રુ અંદર પ્રવેશ જ નહિ કરે. પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજે સુહૃદભાવ દિને આશીર્વચન આપતા કહ્યું, 'ઘરસભા એ પ્રમુખસ્વામી મહારાજે આપેલ સંજીવની છે. પરિવારમાં શત શિલિંગ પર નહિ પરંતુ વૃક્ષિં શત શિલિંગ પર વિચાર કરીશું તો ઘર ચોક્કસ મંદિર બનશે. સભા બાદ ઉપસ્થિત તમામ હરિભક્તો દરેક માંથી ગુણગ્રહણ અને ભક્તોનાગુણ ગુણપોથીમાં લખવાના સંકલ્પ અને પરિવારમાં ઘરસભા કરવા માટે કટિબદ્ધ થયા હતા.

**પોલીસના ગ્રેડ પે બાબતે સરકાર સામે વિરોધ કરનાર**

## રોહિત રાજપુત સહિત NSUI પ્રમુખ યશ ભીંડોરા તથા અભિરાજ તલાટીયા સહીતના કાર્યકારોનો નિર્દોષ છુટકારો

ભારત હેડલાઇન, તા.૨૬

સને ૨૦૨૧ માં પોલીસના ગ્રેડ પે બાબતે સરકાર સામે ઝુંબેશ ચાલતી હોય જેના સમર્થનમાં એન.એસ.યુ.આઈ. ના કાર્યકરોએ રાજકોટ કલેકટર કચેરી બહાર કાર્યક્રમ કરેલ, જેમા એન.એસ.યુ.આઈ. ના કાર્યકરો (૧) રોહિત રાજપુત (૨) અભિરાજ તલાટીયા (૩) પાર્થ બગડા, (૪) યશ ભીંડોરા (૫) મિલન ઝંઝવાડીયા (૬) જીત પારેખ (૭)ચિરાગ બારડની ધરપકડ કરીને આઈ.પી.સી. કલમ ૨૮૩ તથા ધ પોલીસ (ઈન્સાઈન્ટમેન્ટ ટુ ડીલ સકસેશન એકટ ૧૯૨૨ ની કલમ ૩ તથા જી.પી.એકટની કલમ ૧૩૫ અન્વયેના ગુન્હો પ્ર.નગર પોલીસે નોંધેલ અને ચાર્જશીટ રજુ કરેલ જે કેસ કોર્ટમાં ચાલી જતાં રાજકોટની અદાલતે તમામ એન.એસ.યુ.આઈ. ના કાર્યકરોને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે. આ કેસની વિગત એવી છે કે, ગઈ તા.૨૬/૧૦/૨૦૨૧ ના રોજ રાજકોટ કલેકટર કચેરી ખાતે



એન.એસ.યુ.આઈ. ના કાર્યકરોએ પોલીસ ગ્રેડ પે બાબતે સરકાર સામે ઝુંબેશ ચાલતી હોય તેના સમર્થનમાં આકસ્મીક કાર્યક્રમ કરેલ અને જાહેર રસ્તા પર બેસીને ટ્રાફીક અડચણ કરી પોલીસ ફોર્સ તુમ આગે બઢો હમ તુમારે સાથ હે જેવા નારા ઉચારી પોલીસ વિભાગના ઈરાદા પૂર્વક સરકાર પ્રત્યે અસંતોષ પેદા કરાવીને સરકાર વિરૂદ્ધ ઉશ્કેરણી કરી આંદોલન કરીને આરોપીઓએ ગુન્હો કરેલ જે બાબતે પ્ર.નગર પોલીસે આરોપીઓ સામે ગુન્હો નોંધી તપાસ પૂર્ણ કરી ચાર્જશીટ રજુ કરેલ હતુ, ત્યાર બાદ આરોપીઓ સામેનો કેસ ચાલી જતા આ કામમાં આરોપીઓના વકીલની દલીલોને ધ્યાને લઈ રાજકોટ અદાલતે તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ ફરમાવેલ છે. આ કામમાં આરોપીઓ વતી રાજકોટના ધારાશાસ્ત્રી પરેશ એન. કુકાવા, તથા નરેન્દ્રસિંહ એમ. જાડેજા, વિરલ એસ. ભટ્ટ રોકાયેલા હતા.

## રાજકોટમાં પ્રૌઢનું હાર્ટએટેકથી મોત

રાજકોટમાં હાર્ટએટેકથી મૃત્યુના બનાવ અટકવાનું નામ જ ન લેતા હોય તેમ વધુ એક વ્યક્તિનું મૃત્યુ નીપજ્યું છે શહેરના સાધુ વાસવાણી રોડ પર આસોપાલવ સોસાયટી નંદ રેસિડેન્સીમાં રહેતાં વિજયભાઇ દેવકરણભાઇ ભિમાણી ઉ.૫૭ને મોડી રાત્રે અચાનક શ્વાસ લેવામાં તકલીફ થયા બાદ બેભાન થઈ જતાં સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા હતાં પરંતુ અહિં ટુંકી સારવાર દરમિયાણ મૃત્યુ નીપજ્યું હતું બનાવની જાણ થતાં યુનિવર્સિટી પોલીસનો સ્ટાફ દોડી ગયો હતો પ્રાથમિક તપાસમાં મૃતક વિજયભાઈ ભાઈ બહેનમાં નાના અને સંતાનમાં બે પુત્ર હોવાનું જાણવા મળ્યું છે.

માલિક, મુદ્રક, પ્રકાશક અને તંત્રી : અમિતકુમાર બીપીનભાઈ ઠક્કર, મુદ્રણ - પ્રકાશન સ્થાન : ભારત હેડલાઈન પ્રિન્ટર્સ, ડ્રિમ સીટી ડીર-૧૦૩, દ્વારકેશ પાર્ક પાસે, આલાપ ગ્રીન સીટી પાછળ, રૈયા રોડ, રાજકોટ-૩૬૦૦૦૭
Onwer, Publisher, Printer Editor : AMITKUMAR BIPINBHAI THAKKAR, Printed At : BHARAT HEADLINE PRINTERS, DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360005, Published At: DREAM CITY D2-103, NR DWARKESH PARK, B/H. AALAP GREEN CITY, OFF RAIYA ROAD, RAJKOT, 360007

### ડેપ્યુટી કલેક્ટર ડો.ચાંદનીબેન પરમારના હસ્તે

# લોકમેળાનુ રસરંગ નામ આપનાર વિપુલ ભાનુભાઈ પંચમીઆને અપાયો પુરસ્કાર



ભારત હેડલાઇન, તા.૨૬

સમગ્ર ગુજરાત સૌરાષ્ટ્રનો અતિ લોકપ્રિય મેળો અને દસ લાખથી પણ વધુ લોકોએ જેને પાંચ દિવસ માણ્યો એવા ગત વર્ષ યોજાયેલ સૌરાષ્ટ્રની શાન સમા લોકમેળા દરમિયાન કલેક્ટર તંત્ર દ્વારા રાજકોટની ઉત્સાહ પ્રેમી જનતા પાસે લોકમેળાના નામકરણ માટે અપીલ કરાઈ હતી. જેમા કુલ ૨૬૫ અલગ અલગ નામ રાખવા એન્ટ્રી આવી હતી. તંત્રએ યુનિવર્સિટીના ગુજરાતી સાહિત્ય અને ભાષાના તજજ્ઞો અને કલેક્ટર તંત્રએ સાથે મળી અરજનસુખ નિવાસી હાલ રાજકોટના રહીશ વિપુલ ભાનુભાઈ પંચમીઆ દ્વારા આપેલ રસરંગ નામ પસંદ કર્યુ હતુ. અને આ લોકમેળાની લોકોએ ખુબ મજા માણી હતી. તંત્ર દવારા અને લોકમેળા અમલીકારણ સમિતીએ લોકમેળાનુ રસરંગ નામ આપનાર વિપુલ પંચમીઆ અને એમના ઘર્મપત્ની પૂર્વીબેનને તથા વૃતીકાને ડેપ્યુટી કલેક્ટર ડો.ચાંદનીબેન પરમારના હસ્તે પુરસ્કાર આપ્યો હતો.


# મોદી સ્કૂલના વિદ્યાર્થીઓએ મેળવી ફાયર સેફટીની તાલીમ : આકસ્મિક ઘટનાઓ સામે સચેત થવા માટે થયાં સજજ




ભારત હેડલાઇન, તા.૨૬

મોદી સ્કૂલ્સ દ્વારા વિદ્યાર્થીઓ માટે ખાસ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં રાજકોટ મહાનગર પાલિકાના ફાયર સેફટી વિભાગના એચ.પી.ગઢવી અને તેમની ટીમ દ્વારા આગ બુઝાવવાના વિવિધ ઉપકરણો અને ફાયર સેફટી વ્હીકલના કામગીરી વિશે વિસ્તૃત માહિતી સાથે શાળાના વિદ્યાર્થીઓને લાઈવ ડેમોસ્ટ્રેશન બતાવવામાં આવેલ. આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ જોડાઈને માર્ગદર્શન મેળવેલ, અને ભવિષ્યની આકસ્મિક ઘટનાઓ સામે સચેત થવા માટે સજજ થયા હતા. શાળાના મેનેજિંગ ટ્રસ્ટી ડો. આર.પી. મોદી તથા મેનેજિંગ ડિરેકટર ધવલભાઈ મોદી, આત્મનભાઈ મોદી ઉપસ્થિત રહી ફાયર સેફટીના અધિકારીઓને અભિનંદન સાથે આભારની લાગણી વ્યકત કરેલ હતી.

# SMVS શ્રી સ્વામિનારાયણ મંદિર, માધાપર ચોકડી, રાજકોટને આંગણે ઉજવાશે દિવ્ય અને ગુરુપૂર્ણિમા ઉત્સવ





- **ગુરુવર્ય પ.પૂ. સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રીના નિકટ દર્શન, પૂજન, આશીર્વાદ તથા અનુભવાત્મક દિવ્યવાણીનો અણમોલ લાભ મળશે**

ભારત હેડલાઇન, તા.૨૬

તારીખ ૨૮/૦૬/૨૪ને શુક્રવારના રોજ સાંજે ૬ થી ૯ વાગ્યા દરમિયાન જ્બટજ શ્રી સ્વામિનારાયણ મંદિર માધાપર ચોકડી, રાજકોટ ખાતે દિવ્ય અને ભવ્ય ગુરૂપૂર્ણિમા ઉત્સવનુ આયોજન કરવામાં આવેલ છે. આ ગુરુપૂર્ણિમા ઉત્સવમાં ગાંધીનગરથી પ્રાણ પ્યારા હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુવર્ય પ.પૂ.અ.મુ. સદ્ શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી) ખાસ પાધરી રહ્યા છે. આ ગુરૂપૂર્ણિમા ઉત્સવ અંતર્ગત સાંજે ૬ થી ૬:૪૫ દરમિયાન વ્હાલ હરિકૃષ્ણ મહારાજ તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનું માધાપર ગામ થી ભવ્યાતિભવ્ય સ્વાગત સામૈયું કરવામાં આવશે ત્યારબાદ ૬:૪૫ થી ૮:૦૦ વાગ્યા સુધી ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીની અનુભવાત્મક દિવ્યવાણીનો તથા ગુરૂપૂજનનો અણમોલ લાભ મળશે અને ૮:૦૦ થી ૯:૦૦ વાગ્યા દરમિયાન પ.પૂ. ગુરુવર્ય સ્વામીશ્રીના નિકટ દર્શન અને આશીર્વાદનો પણ લાભ મળશે. આ ગુરૂપૂર્ણિમા ઉત્સવના કાર્યક્રમના દિવ્ય અવસરે રાજકોટ શહેર અને રાજકોટ જિલ્લાના સર્વે હરિભક્તોને ગુરુવર્ય પ.પૂ સ્વામીશ્રીના દિવ્ય પ્રત્યક્ષ દર્શન,પૂજન,આશીર્વાદ તથા અનુભવાત્મક દિવ્યવાણીનો અણમોલ લાભ લેવા સાધુ નિર્ગુણજીવનદાસજી, સાધુ અદભુતસ્વરૂપદાસજી, તથા સાધુ ભજનપ્રિયદાસજી તથા SMVS રાજકોટ સત્સંગ મંડળના અગ્રેસર મુક્તોએ ગુરૂપૂર્ણિમાનો લાભ લેવા અનુરોધ કરેલ છે. વધુમાં જણાવવાનુ કે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ તથા પ.પૂ. ગુરુજીના પૂજન માટેની કીટ મંદિરથી પ્રાપ્ત થશે તેમજ કોઈ હરિભક્તોને વિશેષ પૂજન કરવાની ઈચ્છા હોય તો તે હરિભક્તો ફુલહાર, પુષ્પછડી, બૂકે તેમજ ભગવાનને અર્પણ કરવા માટે ડ્રાયફ્રુટ લાવી શકશે. કાર્યક્રમ પૂર્ણ થયા બાદ મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. વધુ માહિતી માટે ૯૮૨૫૨ ૧૪૪૭૦ ઉપર પ્રકાશભાઈ પાંચોટિયાનો સંપર્ક કરવા જણાવાયું છે.

# એઈમ્સમાં પાંડુરોગ અને સફેદ ડાઘ વિશે યોજાયો સેમિનાર




ભારત હેડલાઇન, તા.૨૬

વિશ્વ પાંડુરોગ દિવસ પર એઈમ્સ હોસ્પિટલના ડર્મેટોલોજી (ત્વચારોગ) વિભાગ વેનેરિયોલોજી અને લેપ્રોલોજી વિભાગ દ્વારા એક સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું સેમિનાર આયોજનનો હેતુ શરીર પર સફેદ ડાઘ સર્જરી થકી કેવી રીતે મટાડી શકાય છે તે વિષય પર હતો. જેમાં એઈમ્સ હોસ્પિટલના એકઝિક્યુટિવ ડાયરેક્ટર પ્રો.ડો.કર્નલ સી.ડી.એચ. કટોચ માર્ગદર્શન હેઠળ સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેર અને સૌરાષ્ટ્રના અલગ અલગ જિલ્લામાંથી આવેલા (ત્વાચારોગો)ના એમ.ડી. ડોક્ટરો ફેકલ્ટી તેમજ સૌરાષ્ટ્રની વિવિધ મેડિકલ કોલેજમાંથી તાલીમાર્થીઓ અને ટ્રેઈની રેસિડન્ટ ડોક્ટરો જોડાયા હતા. એઈમ્સ હોસ્પિટલના ડી.એમ.એસ. અને ડર્મેટોલોજી વિભાગના વડા ડો.યશદીપ પઠાનીયા તેમજ તેમની ડર્મેટોલોજી વિભાગના નિષ્ણાત ડોક્ટરોની ટીમ દ્વારા સફેદ ડાઘ પર સર્જરી દ્વારા કેવીરીતે મટાડી શકાય તેમજ સફેદ ડાઘ (કોઢ) માં સર્જરી થકી ઈલાજને વધુ સફળતા બનાવવા માટે લાઈવ સર્જરી તેમજ પ્રેઝન્ટેશન આપવામાં આવ્યું હતું. આવેલા ડોક્ટરો જેમાં સુરેન્દ્રનગર જામનગર અને અન્ય જીલ્લા તેમજ રાજકોટ શહેરમાંથી આવેલા ડોક્ટરોને સફળ સર્જરી વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. તેમજ આ સેમિનારને સફળ બનાવવા વહીવટી તંત્ર એડમિનિસ્ટ્રેટિવ ઓફિસર જયદેવસિંહ વાળા અને એનોટોમી વિભાગના વડા ડો.સિમ્મી મહેરા ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

# ડો.વલ્લભભાઈ કથીરિયા ગૌ સેવાના કાર્યક્રમો અન્વયે બિકાનેરના પ્રવાસે : ગૌચર સુધારણા વિષય પર માર્ગદર્શન આપશે

● ૧લી જુલાઈએ બિકાનેર ખાતે GCCI અને રાજસ્થાન ગૌ સેવા પરિષદ દ્વારા ગૌ સેવાના વિષયક સંગોષ્ઠિનું આયોજન



ભારત હેડલાઈન, તા.૨૬

ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ (GCCI) અને રાજસ્થાન ગૌ સેવા પરિષદ દ્વારા તા.૧ જુલાઈને સોમવારના રોજ બપોરના ૩ કલાકે રાજ મહલ હોટલ ખાતે ગૌ સેવાના વિષયો પર સંગોષ્ઠિનું આયોજન કરવામાં આવ્યું છે. બિકાનેરના પ્રવાસ દરમ્યાન રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ ચેરમેન અને ગ્લોબલ કન્ફેડરેશન ઓફ કાઉ બેઝ્ડ ઈન્ડસ્ટ્રીઝ (GCCI)ના ફાઉન્ડર ચેરમેન ડો.વલ્લભભાઈ કથીરિયા રાજસ્થાન ગૌ સેવા પરિષદ સાથે ગૌ સેવાના વિષયો જેમાં ગૌચર સુધારણા, ગૌ આધારિત ઉદ્યોગો, ઓર્ગેનિક ખેતી તેમજ ખાસ ગૌચર આંદોલન જેવા વિવિધ વિષયો પર ચર્ચા વિચારણા કરવામાં આવશે. આ સંગોષ્ઠિમાં રાજસ્થાન ગૌ સેવા પરિષદ તરફથી પ.પૂ.સ્વામી વિમર્શાનંદ મહારાજ, રાજસ્થાન ગૌ સેવા પરિષદના અધ્યક્ષ અને GCCIના માર્ગદર્શક હેમ શર્મા, વેટેરનરી વિશ્વ વિદ્યાલય રાજુવાસના પ્રો.વાઈસ ચાન્સેલર ડો. હેમંત દધીચ, દેવીસિંહ ભાટી, ગૌભક્તો, ગૌરક્ષકો, સમાજચિંતકો, રચનાત્મક, સામાજીક અને ધાર્મિક આગેવાનોને આ સંગોષ્ઠિમાં ઉપસ્થિત રહેશે.

# રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણેનો બાળ પ્રેમ



● જામકંડોરણાના સાજડીયાળી અને ધોળીધાર ગામની પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

ભારત હેડલાઈન, તા.૨૬

‘‘સૌ ને માટે શિક્ષણ અને ભણતર થી કોઈ વંચિત ન રહે‘‘નાં ઉમદા અમલીકરણ ના પગલાં રૂપે કન્યાકેળવણી મહોત્સવ અને શાળા પ્રવેશોત્સવ ૨૦૨૪ રાજકોટ જિલ્લા વિકાસ અધિકારી ડો. નવનાથ ગવ્હાણેની પ્રેરક ઉપસ્થિતિમાં જામકંડોરણા તાલુકાના સાજડીયાળી અને ધોળીધાર ગામની પ્રાથમિક શાળામાં યોજાયો હતો.

ગ્રામજનો અને બાળકોના ઉત્સાહ વધારતા જિલ્લા વિકાસ અધિકારીએ શિક્ષણ સુધારણા માટે જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. શાળાના તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન કીટ વિતરણ કરાઈ હતી. દાતાઓનું સન્માન કરાયું હતું. મહાનુભાવોએ મધ્યાહન ભોજન યોજનાનું નિરીક્ષણ કરી જરૂરી સૂચનો કર્યા હતા. સાજડીયાળીમાં ૧૦ કુમાર અને ૧૩ કન્યાને જ્યારે ધોળીધાર માં ૧૧ કુમાર અને ૧૩ કન્યા ધો.૧માં પ્રવેશ અપાયો હતો.

આ ઉપરાંત ડીડીઓએ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર ધોળીધારની પણ મુલાકાત લઈ તેમના તબીબી જ્ઞાન થકી આરોગ્ય સ્ટાફને માર્ગદર્શન આપ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના ભૂલકાઓએ કર્યું હતું. આ તકે તાલુકા વિકાસ અધિકારી એચ.એમ.ભાસ્કર, મામલતદાર કે.બી. સાંગાણી, શાળાના આચાર્ય, શિક્ષકો, ગ્રામજનો, વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# પગભર ટીમ દ્વારા મહિલાઓનું કરાયું બહુમાન



ભારત હેડલાઈન, તા.૨૬

મહિલાઓ માટે કાર્ય કરતી પગભર સંસ્થામાં ૨૫૦ થી વધારે લોકોએ પોતાના સ્વાસ્થ્ય અને આર્થિક લાભ મેળવ્યો હતો જેનો ઉત્સવ યોજાયો હતો. માઈલસ્ટોન હાંસલ કરનાર દીપાવલીબેન પગાની, મેઘાબેન વ્યાસ, રીન્કીબેન ગુપ્તા વગેરેનું સન્માન કરાયું હતું. પગભરના સીએમડી દિનેશભાઈ પંડ્યા દ્વારા પ્લાન અને મોટીવેશન સ્પીચ આપવામાં આવી હતી ત્યારબાદ તમામ સભ્યોને સન્માનિત કરવામાં આવ્યા હતા. કાર્યક્રમનું સંચાલન દેવીબેન પંડ્યા અને વૈદેહી પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું. શ્રદ્ધાબેન પંડ્યાએ તમામ અચીવર્સને અભિનંદન પાઠવ્યા હતા.

# લ્યો બોલો..સિવિલ હોસ્પિટલમાંથી ‘ડોકટર’ના બાઈકની ઉઠાંતરી



● હોસ્પિટલની કહેવાતી ‘કડક સિક્યુરિટી’ને પણ મ્હાત આપતા તસ્કરો : પ્રદ્યુમનનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી

ભારત હેડલાઈન, તા.૨૬

રાજકોટ સિવિલ હોસ્પિટલમાંથી ડોકટરનું બાઈક તસ્કરો ઉઠાવી જતાં ખળભળાટ મચી ગયો છે. આ અંગે પ્રદ્યુમનનગર પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. મળતી વિગત મુજબ સિવિલ હોસ્પિટલમાં એનેસ્થીસીયા વિભાગમાં ફરજ બજાવતા ડો.ભાવેશભાઈ સોમાભાઈ સંઘાણી (ઉ.વ.૩૫, રહે. માંડા ડુંગર શિવપાર્ક, લક્કીરાજ પાર્ટી પ્લોટ પાછળ બાલાજી કોમ્લેક્ષવાળી શેરી, રાજકોટ) એ બાઈક ચોરીની ફરિયાદ નોંધાવી છે. જે ફરિયાદમાં જણાવ્યું કે ગત તા.૨૦/૦૬ ના રોજ સવારના આઠેક વાગ્યાની આસપાસ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં નોકરી પર ગયેલ. ત્યારે મારુ બાઈક સીવિલ હોસ્પીટલના ટ્રોમા સેન્ટર પાસે આવેલ પાર્કીંગમાં બાઈક પાર્ક કરેલ હતું. બાદ નોકરી પુર્ણ થતાં રાત્રીના સાતેક વાગ્યાની આસપાસ હું પાર્કિંગમાં બાઈક લેવાં ગયેલ ત્યારે મારું બાઈક ક્યાંય મળી આવેલ નહિ અને બાઈક ચોરી થયેલ હોવાનું માલુમ પડ્યું હતું. બાદ ડો.ભાવેશભાઈ સંઘાણીએ બાઈક ચોરીની ફરિયાદ પ્રદ્યુમન પોલીસ મથકમાં નોંધાવી હતી.